## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



વડોદરાનો વરસાદ મોબાઈલમાં જોઈને ખાટલામાં પડ્યા ન રહો... અહી ગાંધીનગરમાં છાંટા જ પડ્યા છે અને સ્કૂલ, કોલેજ, ઓફિસ બધુ ચાલુ જ છે...!!

# યુવક આઈસક્રીમ આરોગતા જ બેભાન : મહિલા ચાંદીનું કડું અને સોનાની બે કડી લઈ ફરાર

### સોડાની રેકડી ચલાવતા યુવકને નોકરી અપાવવાના બહાને યુવકને સે-૨૮ ગાર્ડન બોલાવ્યો હતો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં એક અજીબો ગરીબ ઘટના સામે આવી છે. જેમાં નોકરીના બહાને બોલાવેલા યુવકને મહિલાએ આઈસ્ક્રીમ ખવડાવી હતી. ત્યારબાદ યુવક બે ભાન થઈ ગયો હતો. જયારે યુવક ભાનમાં આવ્યો ત્યારે તેના હાથમાંથી ચાંદીનું કડું અને સોનાની બે કડી લઈ ગાયબ થઈ ગઈ હતી. જો કે ઘટના ચાર માસ પહેલાની છે, યુવક સોડાની રેકડી ચલાવતો હોવાથી મહિલા સોડા પીવા માટે અવાર-નવાર આવતી હતી. જેને પગલે યુવક અને મહિલા વચ્ચે ઓળખાણ થઈ હતી. છેતરાયેલા યુવકે પોતાની રીતે આડકતરી રીતે તપાસ કર્યા બાદ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અંબોડ ગામે રહેતો મિનેષ જુહાજી દંતાણી (ઉં.વ.૩૨) અંબોડ બસ સ્ટેન્ડ પાસે સોડા-શરબતની રેકડી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. મિનેષની સોડાની લારી ઉપર અવાર-નવાર એક મહિલા સોડા પીવા માટે આવતી હતી. પોતાનું નામ આશા હોવાનું કહેતી મહિલાએ મિનેષને ગત તા.૬ માર્ચના રોજ યોગ્ય નોકરી અપાવવાની વાત કરી હતી. જેને પગલે મહિલાના કહેવાથી ગત તા.૭ માર્ચના રોજ યુવક સવારના ૧૧ કલાકે ગાંધીનગર પ્રેસ સર્કલ પાસે આવી પહોંચ્યો હતો. મહિલા તેને નજીકમાં આવેલા સેકટર-૨૮ ગાર્ડન ખાતે લઈ ગઈ હતી. યુવકને બેસાડી આશા પાર્લર પર જઈને બે આઈસ્ક્રીમ લઈ આવી હતી. આઈસ્ક્રીમ પૂર્ણ થતા જ યુવકની આંખો ઘેરાવા લાગી હતી અને તે બેભાન થઈ ગયો હતો. યુવકને ધીરે-ધીરે ભાન આવતા તે ઉઠ્યો ત્યારે તો તેની ચોતરફ અંધકાર ફેલાયો હતો. યુવક ઉઠ્યો ત્યારે તેને જોયું તો તેના હાથમાં રહેલુ રૂ.૧૦ હજારનું ચાંદીનું કડું, અને રૂ.૧૨ હજારની સોનાની બે કડી ગુમ હતી. મહિનાઓ સુધી રેકડી ચાલક યુવકે તપાસ કરી હતી. પરંતુ મહિલાનો અત્તોપત્તો લાગ્યો ન હતો. આ અંગે સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં યુવકે ફરીયાદ નોંધાવતા પોલીસે યુવતિને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## જિલ્લા કક્ષાના વન મહોત્સવમાં પ્રભારી મંત્રી ખાસ હાજર રહેશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાકક્ષાના વન મહોત્સવમાં જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઈ પટેલ અને વિમલભાઈ ઉપાધ્યાય ખાસ ઉપસ્થિત રહેશે.

આગામી ૪થી ઓગષ્ટના રોજ જિલ્લાકક્ષાનો વન મહોત્સવ માણસા ખાતે યોજાવાનો છે. જિલ્લાના પ્રભારી મંત્રી બન્યા બાદ તેઓ પહેલીવાર જિલ્લાના કાર્યક્રમમાં હાજરી આપવા માટે આવી રહ્યા છે.

આજ દિવસે ગાંધીનગર મહાનગરપાલિકાનો વન મહોત્સવ ઉમીયા મંદિર સે. ૧૨ ખાતે યોજાશે. જે કાર્યક્રમ મેયર રીટાબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાશે.

શહેર અને જિલ્લાકક્ષાના આ કાર્યક્રમ માટે વન વિભાગે લાયઝન અધિકારીઓની પણ નિયુક્તી કરી દીધી છે. જિલ્લામાં ૧૯ લાખ વૃક્ષોનું વાવેતર કરવાનો લક્ષ્યાંક છે. વરસાદ ખેંચાતા વન મહોત્સવ પાછળ લઈ જવો પડ્યો છે. જોકે વન વિભાગ દ્વારા ૫૦ ટકા જેટલુ વાવેતર થઈ ગયુ છે. ૫૩૦ હેકટરમાં આ વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન છે જે નોંધનીય છે.

## શ્રેયસ ફાઉન્ડેશન દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

શ્રેયસ ફાઉન્ડેશન સંસ્થાની ટીમ દ્વારા સરકારના અભિગમને સહયોગ આપવાના હેતુથી સે. ૨૮માં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જે માટે શૈલેષભાઈ પટેલ, વસંતભાઈ પટેલ, પ્રજ્ઞેશભાઈ જોષીએ પ્રેરણા પુરી પાડી હતી. જીસીસી ટીમના સભ્યોએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત સંસ્થા દ્વારા જણાવાયુ છે કે મો.નં. ૯૩૨૮૮૩૨૯૦૬ પર ફોન કરી માંગણી કરનાર ગાંધીનગરના કોઈપણ રહેવાસીને ત્યાં ટીમ દ્વારા અનુકૂળ સમયે વિનામૂલ્યે વૃક્ષારોપણ કરવાની વ્યવસ્થા કરી આપવામાં આવશે.



પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ ચુક્યો છે અને શહેરના શિવ મંદિરોમાં ઘંટારવ સવારથી જ ગુંજવા લાગ્યાં છે. શ્રદ્ધાળુઓ દ્વારા ભગવાન ભોળાનાથને રીઝવવા પ્રથમ દિવસથી જ કવાયત હાથ ધરી દીધી છે અને શિવલિંગ પર બિલીપત્ર, દૂધ-પાણી વગેરેના અભિષેક માટે ધસારો કર્યો હતો. શહેરમાં કટેલાક શિવ મંદિરોને શ્રાવણના પ્રથમ દિવસ નિમિત્તે શણગારવામાં પણ આવ્યાં હતા.

# મહાનગરપાલિકા - યુવા દિશા કેન્દ્ર દ્વારા શહેરનો સ્થાપના દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકા અને સંસ્થા યુવા દિશા કેન્દ્ર સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરના ૫૫માં સ્થાપના દિન તેમજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સે. ૨૩ ખીમજી વિશ્રામ હોલ કડી સંકુલ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિચારમંથનને અનુસરી 'સબકા વિશ્વાસ' થીમ સાથે સદ્ભાવના વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવશે.

આ કાર્યક્રમમાં મેયર રીટાબેન કેતનકુમાર પટેલ, અમદાવાદના મેયર બિજલબેન પટેલ ખાસ ઉપસ્થિત રહેનાર છે. ઉપરાંત ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણી તથા નેહરૂ યુવા કેન્દ્ર રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલા, પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા તથા ગાંધીનગર ભાજપના પ્રમુખ મહેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે.

યુવા દિશા કેન્દ્રના અધ્યક્ષ સંજીવ મહેતાએ જણાવ્યું છે કે આ પ્રસંગે યુવા ફોર ઈન્ડીયા, યુવા ફોર ગુજરાત, યુવા ફોર ગાંધીનગરની રાષ્ટ્રીય યુવા ચળવળની શરૂઆત ગાંધીનગરથી કરવામાં આવશે તે અન્વયે સદ્ભાવના વૃક્ષારોપણ, વ્યસનમુક્તિ ઝુંબેશ, સ્વદેશી ઝુંબેશ, ભાઈચારો કેળવો, સ્કીલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, યોગ, બેટી બચાવો, બેટી પઢાઓ, મેઈક ઈન ઈન્ડીયા વગેરેના માધ્યમે યુવા દ્વારા સશક્તિકરણ અને યુવાઓનું સશક્તિકરણ કરવામાં આવશે.

### સદ્ભાવના વૃક્ષારોપણ, દેશ-ભક્તિ ફિલ્મી ગીતોનો કાર્યક્રમ, યુવા ફોર ન્યુ ઇન્ડિયા રાષ્ટ્રીય ચળવળનો શુભારંભ

આ કાર્યક્રમને ગાંધીનગરના પ્રભારીમંત્રી કૌશિકભાઈ પટેલ, અગ્રણી મહેન્દ્રસિંહ રાણા, મનુભાઈ પટેલ, આશીષભાઈ દવે વગેરેએ શુભેચ્છાઓ પાઠવી છે. આ પ્રસંગે ગુજરાત સંગીત નાટક અકાદમી તરફથી દેશભક્તી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ રજુ કરાશે.

વધુ માહિતી આપતા ઘનશ્યામભાઈ પટેલ અને ડૉ. રણછોડભાઈ રથવીએ જણાવ્યું છે કે ગાંધીનગરને શિક્ષિત શહેર, સંસ્કારી શહેર, સાંસ્કૃતિક શહેર, સુઘડ શહેર, સલામત શહેર બનાવાવમાં વર્ષોથી ગાંધીનગરમાં શિક્ષણનું સિંચન કરતી શૈક્ષણિક સંસ્થાઓ સર્વ શ્રી કડી શિક્ષણ સંકૂલ, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, આરાધના વિદ્યાવિહાર, ગુરૂકુળ સે. ૨૩, જે.એમ. ચૌધરી શિણ સંકુલ, વસંત કુંવરબા શિક્ષણ સંકુલ ઉપરાંત સરકારી વિનિયન, વાણિજય, વિજ્ઞાન કોલેજનો સન્માનવામાં આવશે. ઉપરાંત યુનેસ્કોમાં તાજેતરમાં નિમાયેલા ભાગ્યેશ જહાનું સન્માન કરવામાં આવશે.

આ કાર્યક્રમનો સફળ બનાવવા કાર્તિક પટેલ, અતુલ પટેલ, તરૂણ બારોટ, ગૌરાંગ વ્યાસ, જીગર પટેલ, ઉરેન પટેલ, પાર્થ ઠક્કર વગેરે જેહમત લઈ રહ્યા છે.

## આજે ગાંધીનગરમાં

### ● ધાર્મિક ●

- ગોવર્ધનનાથજીની હવેલી સે. ૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન શોષની ઘટાના હિંડોળા દર્શન.
- સ્વામિનારાયણ મંદિર સે. ૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન સીંગ-ચણાની શોભાના હિંડોળા દર્શન.
- સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૩ દ્વારા તપનભાઈ ત્રિવેદી બ્લોક નં. ૧૧૪/૫ છ-ટાઈપના નિવાસસ્થાને રાત્રે ૯ થી ૧૦ દરમ્યાન ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના યોજાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા સુરેશભાઈ દવે એ-૪૦૩, સાર્થક હેવન, રાયસણના નિવાસસ્થાને રાત્રે ૮.૩૦ કલાકે શિવ રૂદ્રાક્ષભિષેક અને શિવ મહિમ્ન પાઠ યોજાશે.
- રૂદ્રાભિષેક મંડળ દ્વારા રાજેન્દ્રભાઈ ડી. મહેતા ૫૦૭/૨, સે. ૩-સીના નિવાસસ્થાને સવારે ૯ કલાકે મહાપ્રસાદ સાથે લઘુ રૂદ્રાભિષેક યોજાશે.
- સુંદરધામ પરિવાર દ્વારા ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે બપોરે ૩ થી ૬.૩૦ કલાક સુધી સે. ૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિર, બ્રહ્મભવન ખાતે શિવકથાનો પ્રારંભ

### ● સામાજીક અને સાંસ્કૃતિક ●

- શહેર વસાહત મહામંડળ દ્વારા ગાંધીનગરના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે સવારે ૯ વાગે જીઈબી કોલોની ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગાંધીનગરના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે સવારે ૧૦ વાગ્યે શાંતિનિકેતન સે. ૨૯ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે.
- માર્ગ અને મકાન વિભાગ સચિવાલય દ્વારા સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા દરમ્યાન બ્લોક નં. ૧૪, ભોંયતળિયે નવા સચિવાલય ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે.
- ગાંધીનગર જિલા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. મધુર ડેરી દ્વારા ગાંધીનગરના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે સવારે ૯.૩૦ વાગે મધુર ડેરી ક-રોડ જીઆઈડીસી ઈલેકટ્રોનિક્સ એસ્ટેટ સે. ૨૫ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે.
- યુવા દિશા કેન્દ્ર અને મહાનગરપાલિકા દ્વારા ગાંધીનગરના જન્મદિન તથા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિનની ઉજવણી પ્રસંગે સવારે ૧૦.૩૦ વાગ્યે સે. ૨૩ કડી કેમ્પસના ખીમજી વિસરામ હોલ ખાતે કાર્યક્રમ યોજાશે.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા શહેરના જન્મદિન નિમિત્તે બપોરે ૩ વાગે સે. ૭ સરકારી લગ્ન વાડી ખાતે બાળકો દ્વારા ઉજવણી કરાશે અને બાલ ચિત્ર સ્પર્ધા યોજાશે.
- પનઘટ કલાકેન્દ્ર દ્વારા ગાંધીનગરના કલાકારોને નવરત્નથી સન્માનાતો સમારંભ રાત્રે ૮.૩૦ કલાકે સે. ૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે.

## મોટી શિહોલી-આલમપુરમાં એનએનએસ સ્વયંસેવકોની સ્વચ્છતા અંગે જનજાગૃતિલક્ષી પ્રવૃત્તિઓ

ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ સ્વચ્છ ભારત સમર ઈન્ટર્નશીપ-૨૦૧૯ કાર્યક્રમ અંતર્ગત શહેરની સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના એનએનએસ યુનિટના સ્વયંસેવકોએ મોટી શિહોલી તથા આલમપુર ગામમાં સ્વચ્છતા અંગે વિવિધ જનજાગૃતિની પ્રવૃત્તિઓ હાથ ધરી હતી.

સેન્ટ્રલ યુનિવર્સિટીના એનએનએસ સ્વયંસેવકો જયદીપ શર્મા, પ્રાચી રાવલ, ઋતુ અસોડીયા, દેવજીભાઈ દેસાઈ વગેરેએ મોટી શિહોલી અને આલમપુર ગામની સરકારી પ્રાથમિક શાળાઓમાં તેમજ ગામમાં વૃક્ષારોપણ, સ્વચ્છતા રંગોળી સહિતની સ્પર્ધાઓ યોજવા સાથે ગામમાં સ્વચ્છતા જાગૃતિ અંગે વિદ્યાર્થીઓની રેલી પણ યોજી હતી. આ રેલીમાં બાળકોએ સ્વચ્છતાના મહત્વ સમજાવતા સુત્રો પોકાર્યા હતા અને પ્લેકાર્ડ પ્રદર્શિત કર્યા હતા.


